# Navla Te Aavya Mana Norta Gujarati Garba Lyrics

નવલા તે આવ્યા માનાં

નવલા તે આવ્યા માનાં નોરતા,
ને નવ દહાડા, રૂડી નવરાત આવ્યા નોરતાં,
સ્થાપન કરાવું કોરો કુંભ ભરાવું,
જ્વારા વવરાવું માના પૂજન કરાવું.
મારી શેરીએ ફૂલડાં વેરાવો કે,
રંગોળી પુરાવું કે રંગોળી પુરાવું. આવ્યા નોરતા૦
સોનાનો ગરબો રૂપલા ઈંઢોણી,
રાસે રમવાને આવો રન્નાદે રાણી,
કહો તો રઢિયાળા રાસ રચાવું કે,
માંડવો સજાવું કે માંડવો સજાવું. આવ્યા નોરતાં૦
રૂડા રમવાને રાસ આવ્યાં અલબેલી માત,
ઘૂમી ગરબાને ગાય, વાગે ઝાંઝરિયા પાય,
શો લહેકો ને શું એનું ગાવું કે,
ત્રભુવન ડોલાવ્યું ત્રભુવન ડોલાવ્યું. આવ્યા નોરતાં૦
મુખ મીઠું મલકાય ઝાંખો ચાંદલીયો થાય,
માનો પાલવ લહેરાય ચંદા ચોકે પછરાય,
જીતુ જોતામાં ભાન ભૂલી જાઉ કે,
ફૂલ્યો ન સમાઉ કે ફૂલ્યો ન સમાઉ. આવ્યા નોરતાં૦

Gujaratilyrics.com